દિ.પરચુરણ અરજી નં.:– ૫૩/૨૦૨૫

**–:: <u>આંક ૧ તળે હુકમ</u>::–**

અરજી વંચાણે લીધી અરજદારે તેની સંપાદન થયેલ જમીનનું જમા થયેલ વળતર ઉપાડવા માટે હાલની અરજી કરેલ છે. સામાવાળા (૧) શ્રી ગુજરાત સરકાર થ્રુ જીલ્લા કલેકટર સાહેબ,મોરબી(૨) જીલ્લા કલેકટર સાહેબ , મોરબી (૩) કાર્યપાલક ઈજનેર,જીલ્લા માર્ગ મકાન વિભાગ , મોરબીનાઓ ત્રણેયને નોટીસ કરેલ છે. સામાવાળા નં.(૧) તથા (૨) નાઓને આ રકમ ચુકવવા સામે વાંધો નથી તેવો શેરો શ્રી ડી.જી.પી.એ કરી આપેલ છે.સામાવાળા નં.(૩) નાઓએ એવી પુરશીષ આપેલ છે કે એલ.એ.કયું નં.૪૬/૨૦૧૬ (ગ્રુપ મેટર)માં નામદાર હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ છે.તા.૨૬/૦૬/૨૦૨૫ના હાઈકોર્ટના ઓર્ડર મુજબ ચુકવણું કરવામાં આવે તો અત્રેની કચેરીને વાંધો નથી.નામદાર હાઈકોર્ટના CIVIL APPLICATION (FOR WITHDRWAL / DISBURSEMENT OF OF AMOUNT ) NO- 01/2025 IN R /FIRST APPLICATION NO-1120/2024, 1121/2024, 1122/2024,1123/2024,1124/2024,1125/2024,1126/2024,1127/2024,1128/2024,1129/2024,1130/2024,1131/2024,1132/2024,1133/2024,1134/2024,1135/2024,1136/2024,1137/2024,1138/2024,1140/2024,1141/2024,1142/2024,1143/2024,1145/2024,1147/2024,1148/2024,1149/2024,1150/2024,1151/2024, 2551/2024 ના હુકમ મુજબ ૩૦% આપવાની છે અને બાકીની રકમ ૭૦ % એફ.ડી.કરવાની છે.જેથી ન્યાયના હિતમાં આ અરજી મંજુર કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

અરજદાર શ્રી ગીતાબા ઈન્દ્રસીંહ જાડેજા રહે.મોમાઈ ,૭ શકીત પ્લોટ,મોરબીને ૩૦% પ્રમાણે વ્યાજ સાથેની રકમ રૂા. ૧,૨૧,૮૪૫/– અરજદારને નાઝીરશ્રીએ વેરીફીકેશન કરી નિયમોનુસાર ચેકથી ચુકવણું કરવું અને રૂા.૨,૮૪,૩૦૪/– બાકી ની રકમ ૭૦% લેખેની રકમ સિવીલ જજ(એસ.ડી.) મોરબીના નામની એફ.ડી. નેશનલલાઈઝ બેંકમાં ઓટો રીન્યુ મોડમાં મુકવાનો નાઝરશ્રીને હુકમ કરવામાં આવે છે.

તા.:–૦૯/૦૪/૨૦૨૬ પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
સ્થળ:– મોરબી મોરબી